ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૨.૯ ડીગ્રી
ભેજ
સવારે ૪૪ ટકા ● સાંજે ૩૮ ટકા

# શહેરમાં કચરાપેટીના ડબ્બા ઓવરફ્લો

## ગરીબો કચરામાંથી પણ જીવન શોધતા જોવા મળે છે : શહેરમાં મોટાભાગના જાહેર સ્થળો પર મુકેલા કચરાપેટીના ડબ્બાઓની આસપાસ અસહ્ય ગંદકી

ગાંધીનગર, તા.૩

શહેરમાં ગંદકીની સમસ્યા ન બને તે માટે ઠેર ઠેર કચરાપેટીના ડબ્બા મુકવામાં આવ્યા છે. જેનો ઉપયોગ પણ યોગ્ય રીતે શહેરીજનો કરી રહ્યા છે. પરંતુ આ કચરાપેટીના ડબ્બામાં કચરો ઓવરફ્લો થઈ જાય ત્યાં સુધી કોઈ ડબ્બાને લેવા માટે આવતું નથી. તેથી કચરો આસપાસના વિસ્તારમાં ફેલાઈ જાય છે. જેમાં સેકટર-૨૮માં ગેટ નંબર ૧ પાસે કચરાપેટી ઓવરફલો થઈ જતા ગંદકી સર્જાઈ રહી છે અને વધુમાં ગરીબ માણસો આ કચરાપેટીમાંથી પણ જીવન શોધી રહ્યા છે એટલે કે કચરાપેટીમાંથી ભોજન મળી રહે અને કોઈ જરૂરીયાત વાળી ચીજવસ્તુ મળી રહે તેની શોધ માટે કચરાપેટીના ડબ્બામાં ફેંદી વળે છે. જરૂરિયાતમંદ અને ગરીબ માણસોને આ મોંઘવારીમાં ખાવાપીવાના ફાંફાં પડી ગયા છે. મજુરી કરીને તૂટી જવા છતાં રોજીરોટી મળતી નથી. ગરીબ માણસો છેવટે મજબૂર બનીને કચરામાંથી જીવન શોધે છે. ગાંધીનગરમાં મહાનગરપાલિકા દ્વારા કચરો લેવા માટે ઘેર ઘેર ગાડીઓ જાય છે તથા શહેરમાં જાહેરસ્થળો ઉપર કચરો ન થાય તે માટે કચરાના ડબ્બા મુકવામાં આવ્યા છે. જેનો યોગ્ય નિકાલ ન થવાથી



કચરાપેટીમાંથી કચરો ઉભરાઈને બહાર નીકળે છે. આ પરિસ્થિતિ માત્ર જીઆઈડીસી વિસ્તારની જ નથી ગાંધીનગરમાં જાહેર સ્થળો ઉપર ખડકાયેલી કચરાપેટીમાં આ જ પ્રકારના દશ્યો જોવા મળી રહ્યા છે. 'કચરો કચરાપેટીમાં નાંખો' જેવા વાક્યો લખ્યા હોવા છતાં સ્વચ્છતાની જાળવણી કરવામાં આવતી નથી. કચરો દૈનિક કચરા પેટીમાંથી લઈ જવાતો ન હોવાથી ઘણા વિસ્તારોમાં રખડતા ઢોરો આ કચરો આરોગતા હોય છે અને પ્લાસ્ટિકની કોથળીઓ ખાઈ જતા મુશ્કેલીઓ ઉભી થાય છે. શહેરમાં મોટાભાગના વિસ્તારોમાં આવા દશ્યો સર્જાઈ રહ્યા છે. શહેરમાં જરૂરિયાતમંદ માણસો માટે સામાજિક સંસ્થાઓ દ્વારા ઘણી બધી સેવાઓ પુરી પાડવામાં આવી રહી છે તેમ છતાં શહેરમાં ગરીબીના આવા દશ્યો જોવા મળી રહ્યા છે.

શહેરમાં માનવસેવા એજ પ્રભુ સેવા સમજીને જરૂરિયાતમંદોને ભોજનથી લઈ કપડા, ચંપલ, બાળકો માટે અભ્યાસમાં કામ આવે તેવી સામગ્રીઓ, ફળ ફળાદિ વગેરે વિતરણ કરવામાં આવે છે. જેમાં લાભાર્થીઓનો આનંદ જોઈને ખુશી બમણી થઈ જાય અને આવી સેવાકીય પ્રવૃત્તિઓ કરવાની બધાને પ્રેરણા મળે છે. શહેરમાં મોંઘવારીના કારણે દરેક મધ્યમ વર્ગ અને ગરીબોને મોંઘવારીની અસર વેઠવી પડી રહી છે. કચરાપેટીમાં ફેંકેલું ભોજન ખાવાથી રોગચાળો ફેલાઈ શકે છે. કારણકે આ ભોજન કે નાસ્તો વાસી થઈ ગયો હોય અને તે ગરીબ માણસો આરોગે તેવામાં બિમારીનો ભોગ બની જાય છે. તેથી મનપા દ્વારા કચરો વધારે ભેગો થઈ જાય એની પહેલા કચરાનો ડબ્બો લઈ જવો જોઈએ જેથી ગંદકી પણ ન ફેલાય અને બિમારીમાં કોઈ ગરીબ વ્યકિત સપડાય નહી તેની કાળજી પણ રાખવી જોઈએ.




ઉનાળાની આ કાળઝાળ ગરમીમાં જાહેર જનતા માટે ગરમીમાંથી રાહત આપવાનાં આશયથી 'ફિડ ઓલ હેલ્પિંગ હેન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ' દ્વારા છાશ વિતરણની વ્યવસ્થા ચાંદખેડા મુકામે કરવામાં આવી હતી. જેમાં ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોરના સ્વ હસ્તે છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકો એ આ સેવાનો લાભ લઈ ઉનાળાની કાળઝાળ ગરમીમાંથી રાહત અનુભવી હતી. જેમાં ભારતીય જનતા પાર્ટીના કોર્પોરેટરો અને કાર્યકર્તાઓએ હાજરી આપી હતી.





સેક્ટર-૩, બ્રહ્માકુમારી સેવા કેન્દ્રના સંચાલિકા બી. કે. સુનિતાદીદી દ્વારા પરશુરામ જયંતિ નિમિત્તે નીકળેલ શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ.

## જે.એમ. ચૌધરી વિદ્યાલયમાં બે શિક્ષકોનો વિદાય સમારંભ યોજાયો



ગાંધીનગર, તા.૩

જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયમાં શાળાના શિક્ષકોના વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના શિક્ષક આશાબેન મહેતા, મણીબેન ચૌધરી વય નિવૃત્ત થવાથી વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી શંકરભાઈ ચૌધરીએ નિવૃત્ત જીવન સુખમય તેમજ તંદુરસ્ત રહે તેવા આશીષ આપ્યા હતા. આચાર્ય ઈજુબેને બંને બહેનોને જીવન પ્રવૃત્તિમય રહે તેમ સૂચન કર્યું હતું અને સમગ્ર સ્ટાફે ગીફટ આપીને વય નિવૃત્ત થતા શિક્ષકોને સન્માનિત કર્યા હતા.






આઝાદી કા અમૃત મહોત્સવ અને યોગમય ગુજરાત અભિયાન અંતર્ગત આજરોજ ગાંધીનગર યોગ શિબિરના પ્રચાર પ્રસાર માટે માન. ચેરમેન શ્રી યોગસેવક શીશપાલજીની અધ્યક્ષતામાં યોગ જાગરણ રેલી યોજાઈ, રેલીમાં ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોરે ઉપસ્થિત રહી રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. જેમાં કોર્પોરેટરશ્રી અને અલગ અલગ ટીમ લીડર અને યોગ સાધક ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા યોગ જાગરણ રેલી યોજાઈ



ગાંધીનગરમાં ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા બે દિવસીય યોગ શિબિર ઉજી અને ૪થી મેના પ્રચાર પ્રસાર માટે યોગ જાગરણ રેલી કાઢવામાં આવી હતી. જેનું સંચાલન ગુજરાત રાજય યોગ બોર્ડના યોગકોચ અને કોર્ડીનેટર ભાવના જોષી દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે સમર્પણ પબ્લિક સ્કૂલ ખાતે સાયક્લોથોન ઈવેન્ટ યોજાઈ



ગાંધીનગર, તા.૩

ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે સમર્પણ પબ્લિક સ્કૂલ, યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપ અને મિલાપ ટાટારિઆ દ્વારા સાયક્લોથોન ઈવેન્ટ ૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટમાં ગાંધીનગરના મેયર હિતેશભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જશવંતભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતીમાં સાયક્લોથોન રેલીને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. સાથે આ ઈવેન્ટમાં ફિઝીયોથેરાપીસ્ટ ડૉ. નિધિ લેકિનવાલા, પ્રયોશ મહિલા વિકાસ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ડિરેક્ટર લક્ષ્મીબેન જોષી, સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગરના પ્રમુખ સુનિલભાઈ ત્રિવેદી અને સંજયભાઈ થોરાત પણ જોડાયા હતાં. આ સાયક્લોથોનનો મુખ્ય ઉદ્દેશ લોકોના કલ્યાણ માટે, નાગરિકોનાં સ્વાસ્થ્યમાં સુધારો કરવા માટે, પ્રદૂષણ ઘટાડવા માટે અને ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે સાયક્લોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું.

૩૦૦થી વધુ સાયકલિસ્ટોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તંદુરસ્ત રહેવા માટે સાયકલ ચલાવો તેવો અનુરોધ કરતા મિલાપ ટાટારિઆએ જણાવ્યું હતું કે, સાયકલ ઉત્તમ વ્યાયામ છે અને નજીકના સ્થળો પર આવવા-જવા માટે તેનો ઉપયોગ પર્યાવરણ માટે લાભદાયક ચોક્કસપણે નિવડે છે અને શાળાના બાળકો સહિત ૩૦૦થી વધુ સાયકલિસ્ટોને આયોજકો દ્વારા સર્ટીફિકેટથી સન્માનિત કરવામાં આવ્યા હતાં અને યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપના ડિરેક્ટર જતીનભાઈ દવે અને હેમાબેન ભટ્ટ વિશેષ સહભાગી થઈ સાયક્લોથોન ઈવેન્ટ ૨૦૨૨ ને સફળ બનાવી હતી.



માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા મોટી સંખ્યામાં ભાવિ ભક્તો ની ઉપસ્થિતિમાં આનંદનો ગરબો યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ભાવિ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગર ખાતે નીકળેલી પરશુરામજીની ભવ્ય શોભાયાત્રા દરમિયાન સેક્ટર-૨ના અગ્રણીઓ રહીશો અને સિનિયર સિટીઝનો ઉપસ્થિત રહ્યા હતા.

જેમાં નિવૃત્ત DYSP જોષીભાઈ, તેમના સુપુત્ર, સિનિયર સિટીઝન ગ્રુપના પ્રમોદભાઈ દવે, નરેન્દ્ર ભાઈ કાછીયા, તેમજ અન્ય વિદ્યાર્થીઓ બહેનો અને નાના ભૂલકાઓ સહીત મોટી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહી ભગવાન શ્રી પરશુરામજી ને હારતોરા અને ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

## મે માસની પુસ્તક પરબમાં ૪૬૭ પુસ્તકો-સામયિકોનું આદાનપ્રદાન થયું




ગાંધીનગર, તા.૩

દર મહિનાના પ્રથમ રવિવારે ગાંધીનગરમાં પુસ્તક પરબ યોજવામાં આવે છે. માતૃભાષા અભિયાનના ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી પુસ્તક પરબ ટીમના મિત્રો સ્વેચ્છાએ આ માટે મદદરૂપ બને છે. આ મે માસના પ્રથમ રવિવારે, ગુજરાત રાજ્ય સ્થાપના દિવસે બલરામ મંદિર પરિસરમાં પુસ્તક પરબ યોજાઈ હતી, જેમાં નગરના પુસ્તકપ્રેમી વાચક ભાઈ - બહેનો, વિદ્યાર્થીઓ, વડીલો મોટી સંખ્યામાં આવ્યા હતાં. તેઓએ મનગમતાં પુસ્તકો મેળવ્યાં હતાં. તા. ૧-૫-૨૦૨૨ ની પુસ્તક પરબમાં ૧૯૭ પુસ્તકો અને ૮૯ સામયિકો ભેટ રૂપે મળ્યાં હતાં. વાચકો ૧૨૯ પુસ્તકો અને ૫૫ સામયિકો ભેટ રૂપે લઈ ગયા હતા. આમ કુલ ૪૬૭ પુસ્તક - સામયિકોનું આદાનપ્રદાન થયું હતું. પુસ્તક પરબમાં આશાબેન સરવૈયા, રોહિણીબેન પરમાર, રણછોડભાઈ પરમાર, દિશાંત ગર્ગ, ગજેન્દ્રસિંહ વાઘેલા, સંજય થોરાત, રજનીકાંત વૈષ્ણવ, પ્રજ્ઞાબેન પટેલ વગેરેએ પોતાની સેવાઓ આપી હતી. ડૉ. કાંતિભાઈ પટેલ, એન.પી. થાનકી, વિષ્ણુસિંહ ચાવડા, રમણભાઈ વાઘેલા વગેરે મુલાકાતીઓએ આ પ્રવૃત્તિ માટે આનંદ વ્યક્ત કર્યો હતો. કેટલાક નિયમિત મુલાકાતીઓ પણ અચૂક મુલાકાત લેતા હોય છે. આ વખતે બાળકોએ પણ બાળસાહિત્યના પુસ્તકો જાતે પસંદ કરી લીધાં હતાં.

## ગુજરાત સ્થાપના દિને બેંક ઓફ બરોડા એપેક્ષ એકેડેમીનું સમાજકાર્ય



ગાંધીનગર, તા.૩

ગાંધીનગર ખાતેની બેંક ઓફ બરોડા અને બરોડા લ દ્વારા ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે સ્પેશ્યલ પ્રોગ્રામ 'કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સઈબિલિટી'ના ભાગ રૂપે શહેરની લાયોનેસ ક્લબ સાથે મળીને મહિલાઓ માટે ડિજિટલ બેકીંગ અને સાઈબર સિક્યોરિટી પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના સ્વાગત સંભાસણમાં બરોડા એપેક્ષ અકાદમીના વડા દિપાંકર ગૂહા તેમજ એજીએમ મુકેશ નવલ અને યશવીર ચૌધરીએ સંબોધન કર્યા હતા. જેમાં દિપાંકર ગુહાએ મહિલાઓના સમાજમાં યોગદાન અને તેમની બેકિંગ ભાગીદારી વિશે વિચારો રજૂ કર્યા હતા. આ પછી સંકાઈ સદસ્ય ચીફ મેનેજર ગૌતમ વ્યાસ દ્વારા મહિલા પ્રતિભાગીઓને વિવિધ ડિજિટલ ઉત્પાદ અને તેમની ઉપયોગિતા અને વિશેષતા જણાવવા સાથે વધતા સાઈબર ફ્રોડ વચ્ચે સાવધાનીના ઉપાયો અંગે જણાવ્યું હતું. કાર્યક્રમમાં અંતમાં લાયોનેસ ક્લબના પ્રમુખ નીતા રાણાએ અને લાયોનસની બહેનોએ બેંક ઓફ બરોડાનો આ સામાજિક કાર્ય માટે આભાર વ્યક્ત કર્યો હતો અને ડિજીટલ જાગરૂકતા વધારે અને વધારે ફેલાવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આ કાર્યક્રમના આયોજન માટે પૂર્વ બેંક કર્મચારી અને શહેરના અગ્રણી મહિલા કાર્યકર મનીષાબેન ત્રિપાઠીએ મહત્વની ભૂમિકા નિભાવી હતી. કાર્યક્રમના સમાપને બેંક ઓફ બરોડા દ્વારા તમામ મહિલાઓને સ્મૃતિભેટ આપવામાં આવી હતી.

## દાંડી કુટિર સંગ્રહાલય ખાતે રંગપુરણી કાર્યક્રમ યોજાયો



શહેરના દાંડી કુટિર સંગ્રહાલય ખાતે તા.૧લી મેના રોજ ૬૨મા ગુજરાત સ્થાપના દિન 'ગુજરાત ગૌરવ દિન' નિમિત્તે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત પૂ.મહાત્મા ગાંધીજીના જીવન પ્રસંગોને લગતી પ્રશ્નોત્તરી, તેમજ આઝાદીની ચળવળના મહત્વની ઘટનાના ચિત્રોમાં રંગ પુરવાનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સંગ્રહાલયની મુલાકાતે આવતા બાળ મુલાકાતીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સાથે આગામી સમયમાં દાંડી કુટિર ખાતે એક વર્કશોપનુ યોજાશે જેમાં બાળકોને લગતી વિવિધ પ્રકારની પ્રવૃતિઓ અને શહેરની શાળાઓ અને સંસ્થાઓ માટે વિધાર્થીલક્ષી કાર્યક્રમો યોજાશે તેવી જાહેરાત કરવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



પરમજીત કૌર છાબડા
નિયામક, અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ
ઉપપ્રમુખ, ગાંધીનગર ભાજપ



પ્રહલાદભાઈ પી. પ્રજાપતિ
મો. ૯૪૨૬૩ ૮૧૫૯૬



શનિકુમાર વાઘેલા
રેડક્રોસ, ગાંધીનગર



કુલદીપસિંહ એલ સોલંકી
મો. ૯૯૨૪૦ ૦૧૬૩૩



કિંજલ જયસિંઘાની
મેકઅપ આર્ટીસ્ટ



માનવીબા નરેશજી ઠાકોર
મો. ૯૮૯૮૧ ૩૮૩૩૬



અક્ષર અશ્વિનભાઈ વૈષ્ણવ

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ભટ્ટ ઈલાબેન નટવરલાલ, ઉ.વ. ૭૩, સેક્ટર-૨૬
- સ્વ. ભાવસાર ઉર્વેશકુમાર મહેન્દ્રકુમાર, ઉ.વ.૫૩, વાવોલ
- સ્વ. ઠાકોર દેવાજી મનુજી, ઉ.વ. ૩૨, શિહોલી મોટી
- સ્વ. ખૈરનાર લીલાબેન ઓમકાર, ઉ.વ. ૭૫, સેક્ટર-૨૨
- સ્વ. ખૈરનાર પૃથ્વી કિશનકુમાર, ઉ.વ. ૧૭, સેક્ટર-૨૨